૮૬૫	૧૭૨૩	૧૫૬	૨૭૪૪	૧૬૦૭૬૮૮૮૬	૫૯.૭૯
કંપનીઓના શેર વધ્યા	કંપનીઓના શેર ઘટયા	કંપનીઓના શેરમાં કોઈ ફરક નહિ	કંપનીઓના શેરમાં કામકાજ થયું	શેરની ડિલિવરી ઉતરી	ટકા શેર ડિલિવરીમાં ગયા

BUSINESS મિત્ર

Most Active Contracts

	આખર તારીખ	હાઇ	લો	અગાઉનો કલોઝ	લાસ્ટ ટ્રેડ
નિફ્ટી	31-Aug-17	9,884.00	9,755.00	9,854.40	9,764.70
બેંક નિફ્ટી	31-Aug-17	24264	23935	24097	23951.85

બાયબેકની જાહેરાત પછી પણ ઇન્ફોસીસમાં સુધારો આવી શકયો નહીં : સેન્સેક્ષમાં ૪૨૦ પોઇન્ટની અફરાતફરી

ફાર્મા શેરો અને ઈન્ફોસીસની આગેવાની હેઠળ ભારતીય શેરબજારોમાં આગળ વધતો ઘટાડો : નિફ્ટી ૯૭૫૦ની નજીક

અમદાવાદ, તા. ૨૧: વૈશ્વિક બજારોમાં અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ સામે આર્થિક એજન્ડા સામે ઉભા થયેલા પ્રશ્નાર્થોની સાથે ઘરેલું બજારમાં ઇન્ફોસીસના સીઇઓ અને એમડી વિશાલ સીક્કાના રાજીનામાંથી ભારતીય શેરબજારોમાં કડાકો બોલાયો હતો, જેમાં ઇન્ફોસીસ દ્વારા બાયબેકની જાહેરાત કરી હોવા છતાં આજે વેચવાલીનું દબાણ ચાલુ રહયું હતું અને બજારમાં પણ ઘટાડાનો દોર આગળ વધતો જોવા મળ્યો હતો. આજે નિફ્ટીએ ૯૮૦૦ પોઇન્ટની સપાટી તોડી નાંખતા કરેક્શન મોડમાં આવી ગયું હોવાની પણ ચર્ચા ચાલતી જોવા મળી હતી. આજે ભારતીય શેરબજારો ખુલતા પોઝીટીવ ટ્રેન્ડમાં જોવા મળ્યા હતા, પરંતુ પાછળથી વેચવાલીના દબાણના પગલે તુટયા હતા.

સેન્સેક્ષ ૩૦૪ પોઇન્ટ તુટીને ૩૧૨૨૦ અને નિફ્ટી ૯૭ પોઇન્ટ તુટીને ૯૭૪૦ સુધી ઘટી ગયો

ભારતીય શેરબજારો આજે નવા સપ્તાહના પ્રથમ દિવસે ખુલતા ગ્રીન ઝોનમાં રહયા બાદ મીડસેસન્સમાં વેચવાલીના દબાણે તુટયો હતો. એક તબક્કે, બીએસઇ સેન્સેક્ષ ૩૦૪.૧૫ પોઇન્ટ એટલે કે ૦.૯૬ ટકા તુટીને ૩૧૨૨૦.૫૩ પોઇન્ટની સપાટીએ પહોંચી ગયો હતો. જ્યારે ઇન્ટ્રાડેમાં ૧૧૭.૧૩ પોઇન્ટનો સુધરીને ૩૧૬૪૧.૮૧ પોઇન્ટનો વધ્યો હતો. આમ, આજે ઇન્ટ્રાડેમાં ૪૨૦ પોઇન્ટની વધઘટ જોવા મળી હતી. જ્યારે નિફ્ટી પણ ઇન્ટ્રાડેમાં ૯૭.૩૦ પોઇન્ટ એટલે કે ૦.૯૮ ટકા તુટીને ૯૭૪૦.૧૦ પોઇન્ટની સપાટીએ સરકી ગયો હતો, જ્યારે ૪૬.૯૫ પોઇન્ટ વધીને ૯૮૮૪.૩૫ પોઇન્ટનો વધ્યો હતો. આમ, આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી ૯૭૫૦ પોઇન્ટની નીચે ઉતરી ગયો હતો. સેસન્સના અંતે બેઉતરફી વધઘટ બાદ સેન્સેક્ષ ૨૬૫.૮૩ પોઇન્ટ એટલે કે ૦.૮૪ ટકા ઘટીને ૩૧૨૫૮.૮૫ પોઇન્ટનો નરમ બંધ રહયો હતો, જ્યારે નિફ્ટી ૮૯.૪૫ પોઇન્ટ એટલે કે ૦.૯૧ ટકા ઘટીને ૯૭૪૭.૯૫ પોઇન્ટનો નરમ રહયો હતો. આજે શેરબજારમાં ઘટાડા પાછળ ઇન્ફોસીસની પાછળ આઇટી શેરો તેમજ ફાર્મા શેરોના ઘટાડો જવાબદાર છે. નિફ્ટીમાં તમામ સેકટર રેડઝોનમાં જોવાયા હતા. જેમાં બેન્ક નિફ્ટી ૦.૬ ટકા ઘટીને ૨૩૯૩૬.૫ પોઇન્ટ પર રહી હતીી. જ્યારે ઓટો, એફએમસીજી, આઇટી, મીડીયા, મેટલ, ફાર્મા, પીએસયુ બેન્ક, રીયલ્ટી, ટેલીકોમ, કેપીટલ ગુડઝ, ઓઇલ એન્ડ ગેસ સેકટરમાં વેચવાલીનું દબાણ રહેતા ઘટયા હતા. જેમાં નિફ્ટીમાં ઓટો ઇન્ડેક્ષ એક ટકા, એફએમસીજી ઇન્ડેક્ષ ૦.૫ ટકા, આઇટી ઇન્ડેક્ષ ૧.૨૫ ટકા, મીડીયા ઇન્ડેક્ષ એક ટકા, મેટલ ઇન્ડેક્ષ ૧.૪ ટકા, ફાર્મા ઇન્ડેક્ષ ૧.૭૫ ટકા અને પીએસયુ બેન્ક ઇન્ડેક્ષ ૧.૮ ટકા ઘટયા હતા. જ્યારે બીએસઇ રીયલ્ટી ઇન્ડેક્ષ ૧.૨૫ ટકા, ટેલીકોમ ઇન્ડેક્ષ ૧.૩ ટકા, કેપીટલ ગુડઝ ઇન્ડેક્ષ ૦.૮ ટકા, ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્ષ ૧.૬ ટકા અને પાવર ઇન્ડેક્ષ ૧.૫ ટકા ઘટયા હતા.

સ્મોલકેપ તથા મિડકેપ શેરોમાં પણ વેચવાલીના દબાણે માર્કેટ બ્રેડથ નબળું પડયું

આગેવાન શેરોની સાથે મિડકેપ તેમજ સ્મોલકેપ શેરોમાં પણ નરમાઇ જોવા મળી હતી, જેના લીધે માર્કેટ બ્રેડથ નબળુ પડતું જોવા મળ્યું હતું. આજે બીએસઇ મિડકેપ ઇન્ડેક્ષ ૧.૪૫ ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્ષ ૧.૦૨ ટકા તુટયો હતો. જ્યારે બીએસઇ ખાતે ૧૭૧૫ શેરો તુટયા હતા, જ્યારે માત્ર ૮૭૬ શેરો સુધર્યા હતા. આમ, દર શેરે બે શેરથી વધુ તુટયા હતા. જ્યારે ૧૫૩ શેરો યથાવત રહયા હતા. આજે બીએસઇ ખાતે કુલ ટર્નઓવર રૂ. ૩૯૪૪.૪૬ કરોડનું જોવું હતું, જે ગત સેસન્સમાં રૂ. ૩૮૬૩.૫૩ કરોડનું હતું. આજના કારોબારના દિવસ દરમ્યાન આગેવાન શેરોમાં ઇન્ફોસીસ, ભેલ, બેન્ક ઓફ બરોડા, આઇઓસી, અદાણી પોર્ટસ, ડો. રેડ્ડીઝ અને સન ફાર્મા ૨ ટકાથી ૫.૪ ટકા સુધી તુટયા હતા. જ્યારે એકસીસ બેન્ક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટીસીએસ, ટેક મહિન્દ્રા, આયશર મોટર્સ, એચડીએફસી અને આઇટીસીમાં ૦.૧ ટકાથી ૦.૯ ટકાનો સુધારો જોવાયો હતો. મિડકેપ શેરોમાં અમરરાજા બેટરીઝ, અદાણી એન્ટરપ્રાઇઝ, રિલા. ઇન્ફ્રા, અને અંજતા ફાર્મા ૩.૮ ટકાથી ૪.૬ ટકા સુધી ઘટયા હતા. જ્યારે ક્રીસીલ, કોલગેટ, બ્લ્યુ ડાર્ટ, સીજી કન્ઝ્યુમર અને તાતા ગ્લોબલ ૦.૬ ટકાથી ૧.૫ ટકા સુધર્યા હતા. સ્મોલકેપ શેરોમાં પીનકોન સ્પીરીટ, પાર્શ્વનાથ, ટીઆરએફ, જીનસ પાવર અને ડાયમંડ પાવર ૬.૧ ટકાથી ૧૭.૨ ટકા સુધી ઘટયા હતા. જ્યારે વી-માર્ટ રીટેઇલ, ઓરીએન્ટલ વીનીયર, મન્નાપુરમ ફાઇ., સંઘવી મુવર્સ અને સીલન એકસપ્લોરેશન ૭.૪ ટકાથી ૨૦ ટકા સુધી ઉછળ્યા હતા.

ફાર્મા શેરોમાં વેચવાલીના દબાણે નરમ : બેન્ક શેરોમાં પણ ઘટાડો

ફાર્મા શેરોમાં પણ આજે વેચવાલીનું દબાણ રહયું હતું. ગત સપ્તાહમાં થોડોક સુધારો રહયા બાદ આજે વેચવાલી જોવા મળી હતી. જેમાં પીરામલ એન્ટરપ્રાઇઝ ૩.૨૨ ટકા, ગ્લેનમાર્ક ૨.૮૩ ટકા, ડો. રેડ્ડીઝ લેબ ૨.૫૧ ટકા, વોકહાર્ટ ૨.૪૩ ટકા, ડીવીઝ લેબ ૧.૮૪ ટકા, લ્યુપીન ૧.૯૧ ટકા, સન ફાર્મા ૨.૦૧ ટકા અને સીપલા ૦.૮૮ ટકા, સ્ટ્રાઇડસ શાસુન ૦.૭૧ ટકા, ઇપ્કા લેબ ૦.૬૭ ટકા, ગ્લેકસો ૦.૨૫ ટકા, કેડીલા હેલ્થકેર ૦.૧ ટકા અને આલકેમ લેબ ૦.૦૨ ટકા ઘટયા હતા. જ્યારે ઓરબીન્દો ફાર્મા પણ ૧.૨૮ ટકા તુટીને રૂ. ૬૯૫.૫૦ના ભાવ બોલાયા હતા. એકસીસ બેન્કમાં સુધારો જોવાયો હતો, તે સિવાય બેન્ક શેરોમાં નરમાઇ જોવા મળી હતી. પીએસયુ બેન્કોમાં બેન્ક ઓફ મહારાષ્ટ્ર ૦.૩૭ ટકા, આઇડીબીઆઇ બેન્ક ૦.૩૭ ટકા, યુનીયન બેન્ક ૦.૭૨ ટકા, સેન્ટ્રલ બેન્ક ૦.૮૭ ટકા, કોર્પોરેશન બેન્ક ૧.૨૧ ટકા, યુનાઇટેડ બેન્ક ૧.૩૭ ટકા, દેના બેન્ક ૧.૪૪ ટકા, સ્ટેટ બેન્ક ૧.૪૪ ટકા, સીન્ડીકેટ બેન્ક ૧.૬૪ ટકા, કેનેરા બેન્ક ૧.૬૫ ટકા, પંજાબ એન્ડ સીંધ બેન્ક ૧.૮૪ ટકા, આંધ્ર બેન્ક ૧.૮૭ ટકા, વિજયા બેન્ક ૧.૯૩ ટકા, ઇન્ડીયન બેન્ક ૨.૧૭ ટકા, યુકો બેન્ક ૨.૪૩ ટકા, બેન્ક ઓફ ઇન્ડીયા ૨.૫૫ ટકા, અલ્હાબાદ બેન્ક ૨.૭૨ ટકા, પીએનબી ૩.૧૬ ટકા અને બેન્ક ઓફ બરોડા ૩.૫ ટકા તુટયા હતા. જ્યારે પ્રાઇવેટ બેન્કોમાં આરબીએલ બેન્ક ૩.૨ ટકા, ફેડરલ બેન્ક ૨.૩૫ ટકા, કોટક મહિન્દ્રા બેન્ક ૧.૪૫ ટકા, એચડીએફસી બેન્ક ૦.૫૬ ટકા, યસ બેન્ક ૦.૧૪ ટકા અને ઇન્ડુસઇન્ડ બેન્ક ૦.૦૨ ટકા ઘટયા હતા. જ્યારે એકસીસ બેન્ક ૦.૭૦ ટકા અને સીટી યુનીયન બેન્ક ૧.૬૯ ટકા વધ્યા હતા. આઇસીઆઇસીઆઇ બેન્ક ૦.૦૨ ટકા ઘટીને રૂ. ૨૯૩નો ભાવ બોલાયો હતો.

બાયબેકની જાહેરાત છતાં અમેરિકા દ્વારા સીક્યુરીટી ફ્રોડ પ્રકરણમાં ઇન્ફોસીસ તુટયો

ઇન્ફોસીસમાં છેલ્લા બે સેસન્સમાં ૧૪ ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો છે. કંપનીના બોર્ડ દ્વારા બાયબેકની જાહેરાત કરી હોવા છતાં અન્ય કારણોસર તેમજ બાયબેકની પદ્ધતિની સ્પષ્ટતાના અભાવે ઇન્ફોસીસમાં વેચવાલી ચાલુ રહી હતી. આ ઉપરાંત, સીક્યુરીટી ફ્રોડના પગલે અમેરિકાની લો ફર્મ દ્વારા તપાસ કરવાના કેસની નકારાત્મક અસર જોવા મળી હતી અને આજે બીએસઇ ખાતે ૩૫.૮૨ લાખ શેરોના કામકાજ સાથે ૫.૩૭ ટકા તુટીને રૂ. .૦નો ।વ બોલાયો હતો. સિક્કાના રાજીનામાંના પગલે ઇન્ફોસીસ ૯ ટકાથી વધુ તુટયા બાદ આજે પણ ઘટાડો ચાલુ રહયો હતો. આજે ઇન્ટ્રાડેમાં ઇન્ફોસીસ વધીને રૂ. ૯૨૯ અને ઘટીને ૮૭૦.૯૫નો બોલાયો હતો. આમ, આજે નવો બાવન વીકનો લો બનાવ્યો હતો.

પીસી જવેલર્સની આગેવાની હેઠળ એ ગ્રુપમાં ડેલ્ટા, ચેન્નાઇ પેટ્રો, સેન્ચુરી અને એનએમડીસી ટોપ ગેઇનર્સ બન્યા

પીસી જવેલર્સની આગેવાની હેઠળ એ ગ્રુપમાં ડેલ્ટા કોર્પ, ચેન્નાઇ પેટ્રોલીયમ, સેન્ચુરી ટેકસ અને એનએમડીસી ટોપ ગેઇનર્સ બન્યા હતા. બીએસઇ ખાતે પીસી જવેલર્સમાં ૩.૪૪ લાખ શેરોના કામકાજ સાથે ૫.૨૧ ટકા ઉછળીને રૂ. ૩૯૧.૭૫, ડેલ્ટા કોર્પમાં ૯.૩૫ લાખ શેરોના કામકાજ સાથે ૩.૭૬ ટકા ઉછળીને રૂ. ૧૭૬.૪૫, ચેન્નાઇ પેટ્રોલીયમ કોર્પમાં ૧.૮૨ લાખ શેરોન કામકાજ સાથે ૩.૭૮ ટકા ઉછળીને રૂ. ૪૧૪.૩૦, સેન્ચુરી ટેકસમાં ૫૨૦૦૦ શેરોના કામકાજ સાથે ૩.૨૩ ટકા ઉછળીને રૂ. ૧૨૨૬.૨૦ અને એનએમડીસીમાં ૨.૪૪ લાખ શેરોના કામકાજ સાથે ૨.૮૨ ટકા ઉછળીને રૂ. ૧૨૪.૦૫નો ભાવ બોલાયો હતો. બીએસઇ ખાતે સોલાર ઇન્ડ., સુપ્રીમ ઇન્ડ., એકસીસ બેન્ક, આઇઆરબી ઇન્વીટ ફંડ અને વી માર્ટ રીટેઇલમાં ધુમ કામકાજ જોવાયા હતા. બીએસઇ ખાતે છેલ્લા બે સપ્તાહની સરખામણીએ આ કાઉન્ટરોમાં અનેકગણા કામકાજ થયા હતા. બીએસઇ ખાતે સોલાર ઇન્ડ.માં ૬૪.૬૩ ગણા એટલે કે ૨.૯૧ લાખ શેરોના કામકાજ સાથે ૧.૨૪ ટકા ઘટીને રૂ. ૮૫૩, સુપ્રીમ ઇન્ડ.માં ૩૩.૫૨ ગણા એટલે કે ૧.૪૦ લાખ શેરોના કામકાજ સાથે ૦.૯૫ ટકા ઘટીને રૂ. ૧૦૫૭.૮૦, એકસીસ બેન્કમાં ૧૭.૭૦ ગણા એટલે કે ૧.૧૮ કરોડ શેરોના કામકાજ સાથે ૧.૭૦ ટકા વધીને રૂ. ૪૯૯.૦૫, આઇઆરબી ઇન્વીટ ફંડમાં ૧૬.૫૬ ગણા એટલે કે ૧૬.૧૦ લાખ શેરોના કામકાજ સાથએ ૦.૪૯ ટકા વધીને રૂ. ૯૬.૫૦ અને વી માર્ટ રીટેઇલમાં ૧૫.૨૫ ગણા એટલે કે ૪૫૦૦૦ શેરોના કામકાજ સાથે ૨૦ ટકા અપર સર્કીટ સાથે રૂ. ૧૪૬૪.૭૦નો ભાવ બોલાયો હતો.

આજથી દ. કોરીયા અને અમેરિકાના મીલીટ્રી કવાયતના પગલે વૈશ્વિક બજારોમાં અસ્થિરતા

વૈશ્વિક સ્તરે યુરોપીયન બજારોમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આર્થિક એજન્ડા સામે ઉઠેલા સવાલોના પગલે નરમ જોવાયું હતું. જ્યારે એશિયન બજારોમાં મિશ્ર વલણ રહયું હતું. આગામી ૨૧મી ઓગસ્ટથી ૩૧મી ઓગસ્ટ સુધીમાં અમેરિકા અને દક્ષિણ કોરીયામાં મીલીટ્રી કવાયતના લીધે મિશ્ર વલણ જોવાયું હતું. ઇકોનોમી અહેવાલ અનુસાર જાપાનની તમામ ઇન્ડસ્ટ્રીઝમાં રીકવરી જોવા મળી હતી. જેના લીધે જુન મહિનામાં ઇન્ડસ્ટ્રી એકટીવીટી ઇન્ડેક્ષ ૦.૪ ટકા વધ્યો હતો, જે મે મહિનામાં ૦.૮ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આજે એશિયન બજારોમાં નિક્કી ૦.૪૦ ટકા, સ્ટ્રેઇટસ ૦.૧૫ ટકા, કોસ્પી ૦.૧૪ ટકા ઘટયો હતો. જ્યારે હેંગસેંગ ૦.૩૯ ટકા, તાઇવાન ૦.૦૫ ટકા એ્રે શાંઘાઇ ૦.૫૭ ટકા સુધર્યો હતો. યુરોપીયન બજારોમાં કેક ૦.૨૮ ટકા અને ડેક્સ ૦.૨૭ ટકા ઘટયો હતો. જ્યારે એફટીએસઇ રેડ ઝોનમાં ખુલ્યા બાદ રીકવરી જોવા મળી હતી અને એફટીએસઇ ૦.૦૪ ટકા સુધારો જોવાયો હતો.

NSE ટોપ 10

NIFTY

	હાય	લો	લાસ્ટ ટ્રેડ	ફરક %
એકસીસ બેંક	503.4	491.8	494.7	0.88
ટેક મહીદ્રા	437	429	431.5	0.62
મહીદ્રા	1,392.95	1,370.15	1,378.55	0.62
આઈશર	32,077.90	31,500.00	31,600.00	0.28
આઈટીસી	285	280.95	282.45	0.21
અંબુજા સિમેંટસ	277.7	272.55	275.4	0.16
અલ્ટ્રાટેક સીમેંટ	4,058.35	4,000.30	4,019.00	0.12
આઈસીઆઈસીઆઈ	299.75	292.25	293.35	0.07
એચડીએફસી	1,745.40	1,730.00	1,735.90	0.05

NIFTY

	હાય	લો	લાસ્ટ ટ્રેડ	ફરક %
ઈંફોસીસ	924	870	870.15	-5.75
બેંક ઓફ બરોડા	149.6	141	142	-3.53
આઈઓસી	438	411.35	413.7	-3.19
અદાણી પોરટસ	388.7	374.65	375	-2.9
ગોદરેજ સીપી	2,001.00	1,921.10	1,934.50	-2.4
હીદાલ્કો	236.5	223.95	224.65	-2.35
ઓએનજીસી	164.55	156.4	157.25	-2.27
ઈંફ્રાટેલ	396.55	382.65	386.4	-2.25
સન ફારમા.	475.4	459.4	460.05	-2.15
લુપીન	944	920	920.25	-1.93

NIFTY Jnr

	હાય	લો	લાસ્ટ ટ્રેડ	ફરક %
ઈમામી	1,118.95	1,090.65	1,113.00	1.03
કોલપલ	1,098.00	1,065.10	1,082.00	0.73
એનએમડીસી	125.9	120.55	121.45	0.58
જીએસકે કંસ્ટ્રકશંસ	5,414.00	5,311.00	5,385.05	0.52
ઈંડીગો	1,283.95	1,259.95	1,274.00	0.35
યુબીએલ	808.8	797	802.7	0.04

નિફ્ટી જુનિયર ગ્રુપ માં છ થી વધુ ગેઈનર જોવા મળ્યા નહી

NIFTY Jnr

	હાય	લો	લાસ્ટ ટ્રેડ	ફરક %
ઓઈલ ઈંડીયા	291.9	271.15	272.25	-4.96
યુપીએલ	852.9	805	808	-4.37
ભેલ	131	124.1	124.25	-4.35
મેકડોવેલ	2,644.80	2,513.30	2,513.30	-3.41
પીઈએલ	2,713.00	2,605.00	2,606.00	-3.3
રેક લીમીટેડ	169.05	160.2	161.45	-3.27
પીએનબી	143.9	136.8	137.6	-3.2
પીએફસી	124.9	118	119.35	-3.05
ગ્લેનમારક	613.45	591.75	592.5	-3.01
સન ટીવી	747.25	711	717.65	-3.01

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સ્ટાન્ડર્ડ સોનું	૩૦૨૦૦
તેજાબી સોનું	૩૦૧૧૦
દાગીના-૨૨ કેરેટ	૨૮૬૯૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૨૯૬૦૦
સોનાનાં બિસ્કીટ	૩૦૨૦૦૦
ચાંદી(૯૯૯)	૪૧૯૦૦
ચાંદી સિક્કા	૪૧૯૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૧૬૫૦	પામોલીન	૧૦૨૦
સીંગતેલ (૧૫ લિ.)	૧૫૫૦	કોપરેલ	૨૪૦૦
સીંગતેલ (૫ લી)	૫૪૦	વનસ્પતિ ઘી	૧૧૭૦
કપાસીયા (૧૫ કિ.)	૧૨૫૦	સનફલાવર	૧૧૯૦
કપાસીયા (૧૫ લિ.)	૧૧૬૦	તલતેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૪૨૦	દિવેલ	૧૭૦૦
સરસીયું તેલ	૧૪૦૦	મકાઇ તેલ	૧૧૬૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૧૦૦
એમ-૩૦	૪૦૦૦
એસ-૩૦	૩૯૦૦
ગુજરાત	
એમ-૩૦	૩૯૦૦
એસ-૩૦	૩૮૫૦

ફોરેક્સ માર્કેટ

	ઈન્ટર બેંક
યુ.એસ.ડોલર	૬૪.૧૪/૧૫
પાઉન્ડ સ્ટર્લીંગ	૮૨.૬૪/૬૬
યુરો	૭૫.૪૫/૪૭
જાપાનીઝ યેન (૧૦૦)	૫૮.૮૬/૮૮

INDEX	ઓપન	હાઈ	લો	કરન્ટ	આગલો બંધ	તફાવત	તફાવત%
સેંસેકસ	31609.93	31641.81	31220.53	31258.85	31524.68	-265.83	-0.84
બીએસઈ–૫૦	10245.17	10264.05	10118.4	10131.19	10215.63	-84.44	-0.83
બીએસઈ નેકસ્ટ–૫૦	33493.73	33610.83	32745.65	32798.01	33364.67	-566.66	-1.7
બીએસઈ–૧૦૦	10247.68	10266.81	10104.6	10117.77	10216.53	-98.76	-0.97
મીડકેપ	15292.34	15304.11	14959.07	14987.43	15208.46	-221.03	-1.45
સ્મોલકેપ	15664.19	15715.66	15453.82	15459.09	15617.95	-158.86	-1.02
બીએસઈ–૨૦૦	4302.4	4309.97	4241.52	4246.95	4289.48	-42.53	-0.99
બીએસઈ–૫૦૦	13637.74	13661.77	13446.59	13462.74	13595.73	-132.99	-0.98
ઓલકેપ	3932.72	3939.99	3877.89	3881.63	3920.76	-39.13	-1
લારજકેપ	3859.13	3868.1	3809.94	3814.74	3849.08	-34.34	-0.89
સ્મોલકેપ સિલેકટ	2599.5	2611.45	2560.96	2565.22	2594.73	-29.51	-1.14
મીડકેપ સિલેકટ	6736.81	6743.31	6571.17	6584.73	6695.51	-110.78	-1.65
બેઝીક મટીરીયલ્સ	3124.7	3147.52	3071.65	3077.27	3113.12	-35.85	-1.15
સીડીજીએસ	3805.63	3820.6	3765.45	3769.84	3799.56	-29.72	-0.78
એનરજી	3781.39	3806.85	3718.85	3724.19	3767.55	-43.36	-1.15
એફએમસીજી	10113.5	10138.75	10025.39	10045.46	10076.13	-30.67	-0.3
ફાયનાન્સ	5562.06	5582.48	5499.32	5509.76	5543.97	-34.21	-0.62
એચસી	12975.93	13015.59	12705.92	12730.11	12938.17	-208.06	-1.61
ઈન્ડસ્ટ્રીયલ્સ	3370.72	3377.24	3311.72	3316.15	3356.9	-40.75	-1.21
આઈટી	10114.95	10114.97	9851.95	9875.82	10081.89	-206.07	-2.04
ટેલીકોમ	1430.88	1442.36	1410.99	1413.76	1432.26	-18.5	-1.29
યુટીલીટીઝ	2061.68	2068.17	2028.72	2032.28	2060.1	-27.82	-1.35
ઓટો	23835.11	23948.98	23504.39	23544.31	23785.7	-241.39	-1.01
બેન્કેકસ	27282.73	27414.7	26966.24	27025.51	27183.84	-158.33	-0.58
સીજી	17263.59	17327.76	17045.77	17077.62	17220.27	-142.65	-0.83
સીડી	17780.58	17835.46	17613.92	17651.92	17699.61	-47.69	-0.27
મેટલ	13046.87	13225.58	12739.93	12755.87	12941.5	-185.63	-1.43
ઓઈલ ગેસ	14868.81	14982.85	14528.73	14562.02	14794.46	-232.44	-1.57
પાવર	2292.82	2297.62	2244.72	2249.93	2284.97	-35.04	-1.53
રિઆલ્ટી	2091.85	2109.81	2057.95	2064.06	2090.13	-26.07	-1.25
ટેક	5735.06	5736.3	5599.81	5611.74	5719.69	-107.95	-1.89
ઈન્ફ્રા.	3556.79	3577.8	3501.36	3507.63	3543.1	-35.47	-1
પીએસયુ	223.63	224.43	218.8	219.12	222.87	-3.75	-1.68
સીપીએસઈ	426.17	427.76	421.21	421.74	425.33	-3.59	-0.84
મેન્યુ.	8594.15	8655.82	8387.82	8404.52	8559.63	-155.11	-1.81
આઈપીઓ	1701.02	1714.93	1658.81	1661.83	1692.78	-30.95	-1.83
એસએમઈ આઈપીઓ	4622.05	4654.67	4546	4555.56	4598.81	-43.25	-0.94

સેન્સેક્સને કોણ નીચે ખેંચી ગયું?

	ઓપન	હાય	લો	લાસ્ટ ટ્રેડ	અગાઉનો બંધ	તફાવત	ફેરફાર %
ઈંફોસીસ	929	929	870	873.5	923.1	-49.6	-5.37
અદાણી પોરટસ	395	400.1	374.55	376.05	386.65	-10.6	-2.74
ડો. રેડડી	1982.9	2001	1925.5	1933.15	1982.9	-49.75	-2.51
સન ફારમા	474.35	474.9	459.3	460.55	470	-9.45	-2.01
ઓએનજીસી	161.95	164.6	156.9	157.55	160.75	-3.2	-1.99
લુપીન	941	943.05	920	922.8	940.75	-17.95	-1.91
ટાટા મોટર ડીવીઆર	227	228.5	222.3	222.85	227	-4.15	-1.83
કોલ ઈંડીયા	244	249	238	239.05	243.3	-4.25	-1.75
ટાટા મોટર	382	382.85	372.1	374.55	380.7	-6.15	-1.62
બજાજ–ઓટો	2802	2820.5	2760	2770.6	2815.7	-45.1	-1.60
કોટક બેંક	985	990.35	967	969.3	983.55	-14.25	-1.45
એસબીઆઈ	279	280.7	273.4	274.65	278.65	-4	-1.44
મારુતી	7620.05	7659.4	7498	7513.85	7620.05	-106.2	-1.39
પાવર ગ્રીડ	222.95	224.5	219.1	220	222.85	-2.85	-1.28
સિપલા	565.7	569.9	555.7	560.75	565.7	-4.95	-0.88
એનટીપીસી	174.1	175.05	171.25	171.85	173.3	-1.45	-0.84
હીરો મોટો	4001.2	4036.05	3950.05	3950.05	3982.75	-32.7	-0.82
ભારતી	421	425.8	417.95	419	421.6	-2.6	-0.62
રિલાયંસ	1577.05	1585.1	1563	1565.8	1575.4	-9.6	-0.61
એચડીએફસી બેંક	1755	1758.05	1741.6	1743.9	1753.7	-9.8	-0.56
ટાટા સ્ટીલ	630.05	638.55	620.15	621.95	625.4	-3.45	-0.55
હીદ યુનીલીવર	1197	1206.75	1180.9	1194	1199.7	-5.7	-0.48
એલ એંડ ટી	1131.05	1138.45	1123.35	1126.5	1131	-4.5	-0.40
એશીયન પેઈંટ	1126.05	1139.9	1126.05	1135.45	1139.9	-4.45	-0.39
આઈસીઆઈસીઆઈ	295.9	299.7	292	293	293.05	-0.05	-0.02

સેન્સેકસ નીચે પરંતુ, કોણ ઉપર ગયું?

	ઓપન	હાય	લો	લાસ્ટ ટ્રેડ	અગાઉનો બંધ	તફાવત	ફેરફાર %
એકસીસ બેંક	493.3	502.65	492	494.15	490.7	3.45	0.70
ટીસીએસ	2512.85	2542	2495	2521.4	2512.85	8.55	0.34
મહીદ્રા	1382	1392.95	1371.6	1374.85	1371.15	3.7	0.27
એચડીએફસી	1736	1745.25	1730	1738.9	1735.05	3.85	0.22
આઈટીસી	283.5	284.95	280.9	282.15	281.8	0.35	0.12
વીપ્રો	289.15	291.35	288	288.35	288.2	0.15	0.05

ડોલર સામે રૂપિયાનો સુધારો ધોવાઈ ગયો

અમદાવાદ, તા. ૨૧: કરન્સી બજારમાં ઘણા સમય પછી ડોલર સામે રૂપિયામાં રીકવરી જોવા મળી હતી. આજે કરન્સી બજાર ખુલતાની સાથે રૂપિયો સાત પૈસાની મજબૂતાઇ સાથે ખુલ્યો હતો. આજે ૬૪.૦૭ના સ્તરે ખુલ્યો હતો, પરંતુ સેસન્સ દરમ્યાન ફરીથી ડોલરમાં ધીમો સુધારો જોવાયો હતો. જે સેસન્સના અંત સુધીમાં રૂપિયાનો સુધારો ધોવાઇ ગયો હતો, અને સેસન્સના અંતે ડોલર સામે રૂપિયો એક પૈસા નરમ પડીને ૬૪.૧૫ના સ્તરે બંધ રહયો હતો. ગત સેસન્સમાં શુક્રવારે ડોલર અને રૂપિયામાં સપાટ જોવાયો હતો અને ડોલરની સામે રૂપિયો એક પૈસાના સુધારા સાથે ૬૪.૧૪ના સ્તરે બંધ રહયો હતો.

યાર્ન બજાર

જીએસટી સાથેના ભાવ
સુરત નરેશ / મુકેશ ઘીવાળા ૨૫૯૬૦૮૮

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૫.૧૧
૩૦/૩૬ એફડી	૨૩૮.૬૫
લોકલ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૫
૬૮/૩૬	૧૨૩
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૧.૫૦
૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૮
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૫
૮૦/૭૨ રોટો.	૧૧૯
૮૦/૩૬ રોટો.	૧૧૯
૧૫૦/૪૮બ્રાઇટ	૯૭

૭૫/૩૬ ''	૧૦૧
૫૦/૩૬ ''	૧૧૫
૫૦/૪૮ SD/ક્રેપ	૧૬૫
RIL રિલાયન્સ	
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૯.૬૦
૮૦/૭૨ રોટો	૧૨૧.૨૦
૧૦૦ ટેક્ષ	૧૧૫.૨૦
વેલનોન (જીએસટી સાથે)	
૮૦/૭૨ રોટો	૧૧૯.૫૩
૮૦/૭૨ ફોલ્ડર	૧૨૬.૬૧
૧૬૦ ડીસ્કેટ	૧૨૬.૬૧
૭૫/૧૦૮ રોટો	૧૨૫.૪૩

૮૦/૧૦૮ ''	૧૨૫.૪૩
-----	-----
૮૦/૭૨ બ્લેક રોટો	૧૩૦
ગાર્ડન	
૪૯/૨૪ એફડીવાય	૧૦૮.૫૦
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૧
૬૨ ક્રિમ્પ	૧૨૩.૯૦
૬૮ ક્રિમ્પ	૧૧૯.૨૦
૭૨ ક્રિમ્પ	૧૧૮.૩૦
૭૫ ક્રિમ્પ	૧૧૭.૧૦
૮૦ ક્રિમ્પ	૧૧૭.૧૦
૮૦/૭૨ રોટો	૧૨૧
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩.૬૫
૩૦/૩૬ એફડી	૨૩૭.૨૦

ધાતુ બજાર

(જીએસટી સાથે)

ફેરસ ભાવ (પ્રતિ કિલો)	
કોપર કેબલ સ્ક્રેપ	૪૧૨
કોપર સ્ક્રેપ હેવી	૪૦૬
કોપર આર્મીચર	૩૮૫
કોપર યુટે.સ્ક્રેપ	૩૬૦
કોપર શીટ કટીંગ	૩૭૫
બ્રાસ યુટે. સ્ક્રેપ	૨૮૬
બ્રાસ શીટ કટીંગ	૩૦૬
એલ્યુમિ. યુટે. સ્ક્રેપ	૧૨૩
નોન ફેરસ	
કોપર વાયર બાર	૪૪૦
એલ્યુ. ઇન્ગોટ	૧૫૧
ઝીંક સ્લેબ	૨૨૧
લીડ ઇન્ગોટ	૧૫૯
ટીન સ્લેબ(૧કિલો)	૧૩૬૫
નિકલ (૧ કિલો)	૭૧૫
ગન મેટલ સ્ક્રેપ	૩૦૫
બ્રાસ હની	૨૯૦

સ્થાનિક માગ ઘટતા સોનુ તૂટ્યુ, ચાંદી પણ ૩૯,૦૦૦થી નીચે ઉતરી

મુંબઇ, તા. ૨૧ (પીટીઆઇ) : વિદેશમાં ભાવ ઉંચકાયા હોવા છતાં રોકાણકારો અને સ્ટોકિસ્ટ્સ દ્વારા માગ ઘટાડી દેવાતા છેલ્લા બે દિવસથી ઉપર ચઢી રહેલા સોનાના ભાવ આજે તૂટ્યા હતા. જ્યારે ઔદ્યોગિક એકમો તરફથી માગ ઘટાડી દેવામાં આવતા ચાંદીનો ભાવ પણ પ્રતિ કિલોએ રૂ. ૩૫૫ના ઘટાડા સાથે રૂ. ૩૯૦૦૦ની સપાટીથી નીચે ઉતરી ગયો હતો.

સ્ટાન્ડર્ડ સોના (૯૯.૫)નો ભાવ શુક્રવારના બંધ ભાવ રૂ. ૨૯,૧૩૫ પરથી આજે રૂ. ૧૬૦ના ઘટાડા સાથે પ્રતિ ૧૦ ગ્રામના રૂ. ૨૮,૯૭૫ પર આવી ગયો હતો. જ્યારે શુદ્ધ સોના (૯૯.૯)નો ભાવ પણ એટલા જ ઘટાડા સાથે તેના આગલા બંધ રૂ. ૨૯,૨૮૫ પરથી નીચે ઉતરીને પ્રતિ ૧૦ ગ્રામના રૂ. ૨૯,૧૨૫ પર પહોંચી ગયો હતો. ચાંદી (૯૯૯)નો ભાવ પ્રતિ કિલોએ રૂ. ૩૫૫ના ઘટાડા સાથે તેના આગલા બંદ રૂ. ૩૯,૩૦૦ પરથી નીચે ઉતરીને આજે રૂ. ૩૮,૯૪૫ પર આવી ગયો હતો.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વ્યાપાર તરફી નીતિ ઘડવાની ક્ષમતા સામેની શંકાઓને કારણે અમેરિકન બોન્ડ બે મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો છે અને વૈશ્વિક સ્તરે શેર માર્કેટ નીચે આવ્યું છે ત્યારે નોર્થ કોરિયા સાથેની તંગદીલીને કારણે સોનાના રોકાણને સલામત ગણવામાં આવતા તેના ભાવ વૈશ્વિક સ્તરે ઉંચકાયા હતા. સ્પોટ ગોલ્ડના ભાવ પ્રારંભિક ટ્રેડમાં ૦.૩ ટકા ઉપર જઇને પ્રતિ ઔંસના ૧,૨૮૭.૩૧ ડોલર પર પહોંચ્યા હતા જ્યારે અન્ય કિમંતી ધાતુ ચાંદી પણ ૦.૫ ટકા ઉપર જઇને પ્રતિ ઔંસના ૧૭.૦૧ ડોલના ભાવે પહોંચી હતી.

સ્ટોક ટ્રેડીંગ માટે 'આધાર' ફરજિયાત : ૩૧મી ડિસે. સુધીમાં બ્રોકર્સને માહિતી આપવી પડશે

અમદાવાદ, તા. ૨૧: શેરબજારના માધ્યમથી મની લોન્ડરીંગ પર નિયંત્રણ લાદવા માટે સરકારે બજારના નિયામક સેબી દ્વારા કવાયત હાથ ધરી રહી છે, જેના પગલે સેબીએ મની લોન્ડરીંગ નિવારણ કાયદાના અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે દેશના અગ્રણી એકસચેન્જ બીએસઇને તેના ટ્રેડીંગ તેમજ કલીયરીંગ મેમ્બર્સને વર્ષના અંત સુધીમાં આધારાની વિગતો સુપરત કરવા જણાવ્યું છે. જોકે, આધાર કાર્ડ અપગ્રેડ નહીં કરાવે તો ૩૧મી ડિસેમ્બર પછી તેમના એકાઉન્ટ સસ્પેન્ડ કરી દેવાશે.

બીએસઇની બે અલગ અલગ નોટીસ અનુસાર ટ્રેડીંગ મેમ્બર્સે તેમની તૈયારી અંગેનો અહેવાલ ૨૩મી ઓગસ્ટ સુધીમાં આપવાનો રહેશે. જ્યારે કલીયરીંગ મેમ્બર્સ અને કસ્ટોડીયન્સે ૨૫ ઓગસ્ટ સુધીમાં આ અહેવાલ સુપરત કરવાનો રહેશે. આ ઉપરાંત, પેઢી, ભાગીદારી, ટ્રસ્ટ તેમજ અનઇન્કોર્પોરેટેડ એસોસીએશન તેમજ વ્યક્તિગત સંસ્તાના કિસ્સામાં એકમ વતી વ્યવહાર કરવાની સત્તા ધરાવતી વ્યક્તિએ પોતાના આધારની વિગતો એકસચેન્જને આપવાની રહેશે. આમ, વર્તમાન ગ્રાહકોએ ૩૧મી ડિસેમ્બર સુધીમાં તેમના બ્રોકર્સને આધાર કાર્ડની વિગતો આપવાની રહેશે. જ્યારે નવા ગ્રાહકોએ ડિમેટ એકાઉન્ટ શરૂ થયાના છ મહિનામાં આ વિગતો પુરી પાડવાની રહેશે.

દેશનો સૌથી મોટો એફડીઆઇ સોદો પૂર્ણ

રશિયન કંપની રોસનેફ્ટને એસ્સાર ઓઇલનું રૂા. ૮૩૦૦૦ કરોડ (૧૨.૯) અબજ ડોલરમાં વેચાણ સફળતાપૂર્વક પૂરું

મુંબઇ : એસ્સાર ઓઇલ લિમિટેડ (ઇઓએલ)ના નિયંત્રિત શેરધારોક એસ્સાર એનર્જી હોલ્ડિંગ્સ અને ઓઇલ બિડકો લિમિટેડને ઇઓએલના ૯૮.૨૬ ટકા હિસ્સાનું વેચાણ સફળતાપૂર્વક પૂર્ણ થયો છે. ખુશી થાય છે. આ બંને કંપનીઓ મોરેશિયસના કાયદા હેઠળ સ્થાપિત થઇ હતી અને એ અંતર્ગત જ તેમનું વ્યવસ્થાપન થતું હતું.

રોસનેફ્ટ (તેની પેરાકંપનીની પેટ્રોલ કોમ્પલેક્ષ પીટીઇ લિમિટેડ મારફતે)એ ૪૯.૧૩ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે અને ટ્રાફિગુરી-યુસીપી ઇન્સોર્ટિમ (કેસાની એન્ટરપ્રાઇઝીસ કંપની લિમિટેડ મારફતે)એ પણ સમાન હિસ્સો હસ્તગસ્ત કર્યો છે. બાકીનો ૧.૭૪ ટકા હિસ્સો રિટેલ શેરધારકો પાસે જળવાયેલો રહેશે. આ દેશનો સૌથી મોટો એફડીઆઇ સોદો છે ને ભારતીય ચળવળમાં તેનું મૂલ્ય રૂા. ૮૩૦૦ કરોડ થાય છે.

આ નાણાકીય વ્યવહાર પછી એસ્સારને ભારતમાં ૩૦ અબજ ડોલરનાં વિદેશી રોકાણને આકર્ષવામાં મદદ મળી છે. અગાઉ વોડાફોનને એસ્સાર ભારત લાવ્યું છે. એસ્સારના સ્થાપક શશી રૂઇયાએ કહ્યુ હતું કે આજે ભારત-રશિયાના આર્થિક સંબંધો માટે ઐતિહાસિક દિવસ છે. આ વ્યવહાર આ સોદાની જાહેરાત ગયા વર્ષે ગોવામાં બ્રિક્સ બેઠક વખતે થઇ હતી.

માર્કેટ ઈનસાઇડર

અમદાવાદ, તા. ૨૧: ભારતીય શેરબજારોમાં આજે પણ ઘટાડાનો દોર આગળ વધ્યો હતો. ઇન્ફોસીસના સીઇઓ અને એમડીના રાજીનામાં તેમજ ટ્રમ્પની આર્થિક નીતિ પાર પાડવા અંગે શંકાના પગલે ગત સપ્તાહના અંતિમ દિવસે ઘટાડો જોવાયો હતો, જે આજે આગળ વધતો જોવા મળ્યો હતો અને સેન્સેક્ષ-નિફ્ટી ઉપરાંત મિડકેપ તથા સ્મોલકેપ શેરોમાં પણ ઘટાડો જોવાયો હતો.

સુવેન લાઇફ સાયન્સે જાપાનમાં પોતાની પ્રોડકટની પેટન્ટ સીકયોર્ડ કરી લેતાં આજે તેમાં સુધારો જોવાયો હતો. બીએસઇ ખાતે ૪૬૦૦૦ શેરોના કામકાજ સાથે ૨.૫૫ ટકા વધીને રૂ. ૧૬૪.૯૫નો ભાવ બોલાયો હતો.

- મોન્ટે કાર્લોના પ્રથમ કવાર્ટરના સુંદર પરિણામોના પગલે ૨.૩૯ ટકા વધીને રૂ. ૪૭૮.૬૫નો ભાવ બોલાયો હતો. વી-માર્ટ રીટેઇલના પણ પ્રથમ કવાર્ટરના સુંદર પરિણામોના પગલે આજે ૨૦ ટકા ઉછળી જવા પામ્યો હતો. આઇઓએલ કેમીકલ્સમાં પ્રથમ કવાર્ટરમાં ૩૦૦ ટકાથી વધુ નફો થતાં બીએસઇ ખાતે ૭૫૦૦૦ શેરોના કામકાજ સાથે ૯.૦૪ ટકા ઉછળીને રૂ. ૬૮.૭૫નો ભાવ બોલાયો હતો.
- આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા વ્યાજદરમાં ફેરફાર કરતાં આજે તેમાં સુધારો જોવાયો હતો. બીએસઇ ખાતે ૧.૬૨ લાખ શેરોના કામકાજ સાથે ૧.૩૩ ટકા વધીને રૂ. ૨૯૬.૯૫નો ભાવ બોલાયો હતો.
- ચાર શેરો એકસ ડીવીડન્ડ થતાં ૦.૫૮ ટકાથી ૧.૯૨ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. બીએસઇ ખાતે મીન્દા ઇન્ડ.માં ૧.૯૨ ટકા ઘટીને રૂ. ૭૬૭.૭૫, સન ટીવીમાં ૦.૮૮ ટકા ઘટીને રૂ. ૭૩૫.૩૦, હિન્દુજા ગ્લોબલ સોલ્યુશન્સમાં ૦.૭૭ ટકા ઘટીને રૂ. ૫૦૩.૮૫ અને જીઓસીએલમાં ૦.૫૮ ટકા ઘટીને રૂ. ૫૩૬.૮૦નો ભાવ બોલાયો હતો.
- લોરસ લેબમાં યુએસ એફડીએ તરફથી ઇન્સ્પેકશન કલીયરન્સ મળી જતાં ૨.૧૨ ટકા વધીને રૂ. ૫૪૭.૭૫નો ભાવ બોલાયો હતો.
- બજાજ ઇલેકટ્રીકલ્સને ટ્રાન્સમીશન કોર્પોરેશન ઓફ તેલગણાં તરફથી રૂ. ૩૯૧.૪૫ કરોડનો ઓર્ડર મળ્યાના અહેવાલના પગલે ૨.૦૨ ટકા વધીને રૂ. ૩૩૬.૨૦નો ભાવ બોલાયો હતો.
- ટીઆરએફમાં ચાલી રહેલી તેજીને બ્રેક વાગી હતી અને તેમાં નફાવસુલીના પગલે બીએસઇ ખાતે ૧૦૦૦૦ શેરોના કામકાજ સાથે ૬.૮૪ ટકા ઘટીને રૂ. ૨૦૭.૮૦નો ભાવ બોલાયો હતો.
- એચડીએફસીની સબસીડીયરી કંપની એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીએ સેબીમાં ડ્રાફ્ટ રજૂ કર્યો છે. કંપની આઇપીઓ લાવવા માટે કરેલી તૈયારીના પગલે બીએસઇ ખાતે ૪૬૦૦૦ શેરોના કામકાજ સાથે ૦.૪૬ ટકા વધીને રૂ. ૧૭૪૩નો ભાવ બોલાયો હતો.
- મન્નીપુરમ ફાઇનાન્સમાં રૂ. ૯૬.૫૦ના ભાવે ૧.૪૧ કરોડ શેરોનું બલ્ક ડીલ થવાના પગલે બીએસઇ ખાતે ૨.૦૨ કરોડ શેરોના કામકાજ સાથે ૧૧.૪૮ ટકા ઉછળીને રૂ. ૯૪.૬૫નો ભાવ બોલાયો હતો.

શેરોની રોજીંદી વધઘટ

સ્પેસીફાઇડ ગૃપ (વાયદાના શેર)

એબાન લોયડ	૧૭૭.૫૦,૧૮૪.૨૦,૧૭૫.૨૦,૧૭૬.૬૫
એબીબી	૧૩૮૨.૮૦,૧૩૮૨.૮૦,૧૩૩૭.૮૫,૧૩૫૧.૬૫
એ.સી.સી.	૧૮૦૦.૦૦,૧૮૧૦.૦૫,૧૭૮૫.૦૦,૧૭૯૦.૦૫
અદાણી એક્ષ્પોર્ટ	૧૧૩.૨૫,૧૧૩.૭૫,૧૦૬.૭૫,૧૦૭.૪૦
મુંદ્રા પોર્ટ	૩૯૫.૦૦,૪૦૦.૧૦,૩૭૪.૫૫,૩૭૬.૦૫
એઈજીસ કેમી.	૧૮૮.૫૦,૧૯૨.૮૫,૧૮૭.૩૦,૧૯૦.૦૫
એઆઈએ એન્જી.	૧૪૧૪.૮૫,૧૪૨૫.૦૦,૧૩૮૮.૦૫,૧૪૧૧.૭૫
અજન્તા ફાર્મા	૧૨૧૦.૧૦,૧૨૧૬.૦૦,૧૧૪૦.૦૦,૧૧૬૦.૪૦
અલાહાબાદ બેંક	૬૫.૨૫,૬૬.૮૫,૬૪.૧૦,૬૪.૩૫
અમર રાજા	૮૦૫.૦૦,૮૦૫.૦૦,૭૫૦.૧૦,૭૫૯.૯૫
ગુજ.અંબુજા સીમે.	૨૭૫.૦૦,૨૭૭.૫૦,૨૭૨.૧૦,૨૭૫.૯૫
આંધ્ર બેંક	૫૧.૦૫,૫૧.૪૫,૪૯.૫૦,૪૯.૮૫
એપોલો હોસ્પી.	૧૦૮૪.૦૦,૧૦૮૫.૦૦,૧૦૪૯.૦૦,૧૦૫૨.૪૫
એપોલો ટાયર્સ	૨૭૪.૨૫,૨૭૫.૦૦,૨૬૬.૨૫,૨૬૭.૯૫
અરવિંદ મીલ્સ	૩૭૨.૫૦,૩૭૩.૨૫,૩૬૨.૮૦,૩૬૫.૧૦
અશોક લેલે.	૧૦૪.૮૦,૧૦૪.૮૦,૧૦૧.૬૦,૧૦૨.૩૫
એશિયન પેઈન્ટ્સ	૧૧૨૬.૦૫,૧૧૩૯.૯૦,૧૧૨૬.૦૫,૧૧૩૫.૪૫
અતુલ લિ.	૨૦૭૪.૦૦,૨૦૯૯.૦૦,૧૯૯૫.૦૦,૨૦૦૪.૧૦
ઓરબ ફાર્મા	૭૧૧.૦૦,૭૧૫.૬૫,૬૯૨.૭૦,૬૯૫.૫૦
એક્સીઝ બેંક	૪૯૩.૩૦,૫૦૨.૬૫,૪૯૨.૦૦,૪૯૪.૧૫
બજાજ હોલ્ડીંગ્ઝ	૨૬૨૯.૬૦,૨૬૪૬.૭૦,૨૫૮૩.૦૦,૨૬૧૨.૦૫
બજાજ ઓટો	૨૮૦૨.૦૦,૨૮૨૦.૫૦,૨૭૬૦.૦૦,૨૭૭૦.૬૦
બજાજ ઈલે.	૩૩૫.૨૫,૩૩૮.૦૦,૩૨૬.૮૦,૩૨૮.૩૦
બજાજ ઓ.ફા.	૧૭૦૦.૩૦,૧૭૩૦.૦૦,૧૬૮૦.૦૦,૧૬૯૨.૦૦
બાલક્રિષ્ન ઈન્ડ.	૧૫૦૦.૦૦,૧૫૦૨.૨૦,૧૪૫૮.૦૦,૧૪૬૭.૦૦
બલરામ ચીની	૧૬૬.૯૦,૧૬૯.૬૫,૧૬૪.૬૫,૧૬૫.૪૦
બેંક ઓફ બરોડા	૧૪૮.૦૦,૧૪૯.૬૦,૧૪૧.૦૦,૧૪૧.૯૫
બાટા ઈન્ડ.	૬૮૨.૦૦,૬૮૭.૬૫,૬૬૩.૮૦,૬૬૬.૦૦
બેયર ઈન્ડીયા	૪૨૮૦.૦૦,૪૨૮૦.૦૦,૪૧૯૦.૦૦,૪૨૧૩.૯૫
બીએચઅર્થ મુવ	૧૮૯૨.૦૦,૧૯૦૮.૯૦,૧૮૦૦.૦૦,૧૮૩૧.૭૫
બર્ગન પેઈન્ટ	૨૪૧.૯૦,૨૪૨.૪૦,૨૩૬.૭૦,૨૩૮.૬૦
બીએફ યુટીલીટી	૩૩૨.૦૦,૩૩૫.૦૦,૩૧૯.૧૫,૩૨૦.૭૫
ભારત ઈલે.	૧૮૪.૪૫,૧૮૬.૭૫,૧૭૮.૧૦,૧૭૯.૨૦
ભારત ફોર્જ	૧૧૭૧.૭૦,૧૧૮૫.૮૫,૧૧૧૩.૨૫,૧૧૩૭.૩૦
ભારત પેટ્રો.	૫૦૫.૦૦,૫૧૫.૮૦,૪૯૫.૨૫,૪૯૭.૬૫
એસકેએસ મા.	૮૭૮.૦૦,૮૯૨.૦૦,૮૬૦.૦૦,૮૬૫.૬૦
ભારતી ટેલી	૪૨૧.૦૦,૪૨૫.૮૦,૪૧૭.૯૫,૪૧૯.૦૦
ભેલ	૧૨૯.૯૦,૧૩૧.૧૦,૧૨૪.૫૦,૧૨૪.૯૦
બાયોકોન	૩૨૮.૬૦,૩૩૦.૫૦,૩૨૫.૨૦,૩૨૭.૦૦
બ્લુ ડાર્ટ એકસપ્રેસ	૩૯૮૮.૦૫,૪૧૩૦.૦૦,૩૯૮૮.૦૫,૪૧૦૦.૨૫
બેંક ઓફ ઈન્ડીયા	૧૪૪.૦૦,૧૪૫.૪૦,૧૩૯.૦૦,૧૩૯.૭૦
બોમ્બે ડાઈંગ	૭૭.૭૦,૭૮.૧૦,૭૫.૪૦,૭૫.૭૦
બોમ્બે બુર.	૯૦૦.૦૦,૯૧૪.૦૦,૮૯૧.૦૦,૮૯૫.૨૦
માઈકો લિ.	૨૨૦૮૪.૯૦,૨૨૪૫૦.૦૦,૨૧૮૭૦.૦૦,૨૧૯૪૪.૫૦
બ્રિટાનિયા ઈન્ડ.	૪૨૪૭.૧૦,૪૨૭૪.૯૦,૪૨૨૪.૦૦,૪૨૩૬.૩૫
કેડીલા હેલ્થ	૪૭૩.૩૦,૪૯૦.૦૦,૪૬૯.૦૦,૪૭૩.૦૫
કેનેરા બેંક	૩૩૦.૦૦,૩૩૭.૧૦,૩૨૫.૦૦,૩૨૬.૯૫
કેનફીન હોમ્સ	૨૮૯૮.૯૫,૨૯૨૨.૧૫,૨૭૭૩.૧૦,૨૭૯૧.૬૫
ફ્યુચર કેપી.	૭૩૦.૦૦,૭૪૦.૦૦,૭૦૩.૦૦,૭૦૮.૩૫
કાર્બોરન્ડમ	૩૩૯.૦૦,૩૪૬.૪૦,૩૩૫.૦૦,૩૩૭.૪૫
કેસ્ટ્રોલ	૩૮૮.૦૦,૩૮૯.૩૦,૩૮૩.૫૦,૩૮૬.૮૦
સિએટ લિ.	૧૭૦૮.૦૦,૧૭૪૦.૦૦,૧૬૬૨.૦૦,૧૬૭૫.૫૫
સેન્ટ્રલ બેંક	૭૪.૫૦,૭૬.૦૫,૭૩.૦૦,૭૩.૫૦
સેન્ચુરી ટેક્ષ.	૧૧૯૬.૦૦,૧૨૩૭.૯૫,૧૧૯૦.૪૦,૧૨૨૦.૭૫
સીઈએસસી લિ.	૯૫૦.૦૦,૯૫૦.૦૦,૯૩૬.૫૫,૯૪૧.૯૫
ક્રોમ્પ. ગ્રીવ	૬૩.૭૫,૬૪.૦૦,૬૦.૮૦,૬૧.૨૫
ચેન્નાઈ પેટ.	૪૦૩.૩૫,૪૧૬.૯૦,૩૯૫.૫૦,૪૦૨.૫૫
ચોલા ઈન્વ. એન્ડ ફાઈન.	૧૧૬૨.૦૫,૧૧૬૮.૧૫,૧૧૪૬.૦૦,૧૧૪૯.૯૦
સિપ્લા લિ.	૫૬૫.૭૦,૫૬૯.૯૦,૫૫૫.૭૦,૫૬૦.૭૫
સિટી યુનિયન	૧૬૫.૦૦,૧૬૫.૦૦,૧૫૩.૪૦,૧૫૪.૯૫
કોલ ઈન્ડીયા	૨૪૪.૦૦,૨૪૯.૦૦,૨૩૮.૦૦,૨૩૯.૦૫
કોલગેટ પામો.	૧૦૭૫.૦૦,૧૦૯૫.૫૦,૧૦૭૩.૨૦,૧૦૭૭.૧૫
કોન્ટેઈન કોર્પ.	૧૨૬૦.૦૦,૧૨૬૦.૦૦,૧૨૧૩.૮૫,૧૨૨૨.૯૦
કોરોમા ફર્ટી.	૪૫૦.૦૦,૪૫૦.૦૦,૪૩૩.૪૦,૪૩૭.૦૦
કોર્પોરેશન બેંક	૪૫.૭૦,૪૬.૦૫,૪૪.૮૦,૪૫.૧૫
ક્રેડીટ રેટ.	૧૮૨૫.૫૦,૧૮૫૭.૪૫,૧૮૨૫.૫૦,૧૮૪૬.૮૫
ક્યુમીન્સ (આઈ)	૮૯૮.૦૦,૯૧૦.૦૦,૮૮૦.૦૦,૮૮૨.૩૦
ઈન્ફોટેક એન.	૫૧૧.૦૦,૫૧૩.૦૦,૫૦૪.૭૫,૫૦૭.૪૫
ડી બી કોર્પ.	૩૭૬.૦૫,૩૭૯.૦૦,૩૭૦.૦૦,૩૭૬.૭૦
ડાબર ઈન્ડ.	૩૧૧.૬૦,૩૧૩.૭૦,૩૦૨.૦૦,૩૦૪.૦૫
દેના બેંક	૩૧.૫૦,૩૧.૯૫,૩૦.૭૫,૩૦.૯૦
દેવાન હાઉ. ફાઈન.	૪૫૨.૨૫,૪૬૨.૦૦,૪૪૬.૬૫,૪૪૮.૮૦
ડીવીસ લેબ	૬૩૯.૯૫,૬૪૨.૦૦,૬૧૭.૫૦,૬૨૨.૪૫
ડીએલએફ લી.	૧૬૩.૦૦,૧૬૪.૯૦,૧૫૭.૩૫,૧૬૦.૫૫
ડો. રેડીસ	૧૯૮૨.૯૦,૨૦૦૧.૦૦,૧૯૨૫.૫૦,૧૯૩૩.૧૫
ઈ.આઈ.ડી. પાર	૩૨૪.૦૫,૩૩૩.૨૫,૩૨૦.૩૫,૩૨૨.૧૦
ઈકલર્ક્સ	૧૨૭૩.૦૦,૧૨૮૫.૯૦,૧૨૪૩.૦૦,૧૨૭૪.૦૦
એડલવેસ	૨૫૪.૯૫,૨૫૫.૨૫,૨૪૩.૭૫,૨૪૫.૨૦
આઈશર મોટર	૩૧૭૮૮.૯૫,૩૨૦૨૪.૯૫,૩૧૪૦૧.૦૦,૩૧૫૨૩.૪૦
ઈમામી લિ.	૧૧૦૯.૦૦,૧૧૧૬.૯૦,૧૦૯૦.૦૦,૧૧૦૫.૦૦
એન્જીનિયર્સ (આઈ)	૧૫૪.૦૦,૧૫૫.૦૦,૧૪૮.૧૦,૧૪૯.૧૫
એસ્કોર્ટ્સ લિ.	૬૩૩.૯૫,૬૩૩.૯૫,૬૦૦.૦૫,૬૦૨.૩૫
એક્સાઈડ ઈન્ડ.	૨૦૯.૦૦,૨૧૦.૯૦,૨૦૧.૦૦,૨૦૧.૪૫
ફેડરલ બેંક	૧૦૯.૭૦,૧૦૯.૭૦,૧૦૫.૩૦,૧૦૬.૦૦
ફીનોલ કેબલ	૫૨૪.૨૦,૫૩૪.૭૫,૫૨૧.૦૦,૫૨૯.૩૦
ફિનોલેક્સ ઈન્ડ.	૫૯૯.૦૦,૫૯૯.૦૦,૫૭૯.૦૦,૫૮૦.૭૦
ફોર્ટીસ હેલ્થ	૧૪૬.૦૦,૧૪૮.૪૫,૧૪૨.૭૦,૧૪૩.૫૦
એફએસએલ	૩૪.૩૫,૩૪.૪૦,૩૩.૫૫,૩૩.૬૫
ગેઈલ (ઈન્ડીયા)	૩૮૨.૦૦,૩૮૬.૩૫,૩૭૩.૧૫,૩૭૫.૬૫
ગતિ લિ.	૧૧૩.૦૦,૧૧૩.૦૦,૧૦૫.૦૦,૧૦૭.૬૦
આલ્સ્ટોમ લિ.	૩૮૫.૦૦,૩૮૫.૦૦,૩૭૩.૨૦,૩૭૬.૩૦
ગુજ.હેવી.કેમી.	૨૨૮.૫૦,૨૨૯.૬૦,૨૨૪.૪૦,૨૨૫.૫૦
ગ્લેક્સો લિ.	૨૩૯૦.૦૦,૨૩૯૦.૦૦,૨૩૬૮.૦૦,૨૩૮૧.૩૫
ગ્લેક્સોસ્મીથ	૫૩૭૩.૮૫,૫૪૦૦.૦૦,૫૩૧૫.૦૦,૫૩૭૫.૮૫
ગ્લેનમાર્ક ફાર્મા	૬૧૧.૦૦,૬૧૪.૩૦,૫૯૧.૭૫,૫૯૫.૭૦
જીએમઆર ઈન્ફ્રા.	૧૮.૨૫,૧૮.૪૦,૧૭.૩૦,૧૭.૫૦
ગોડ્ફે ફી.	૧૦૯૨.૪૫,૧૧૦૯.૦૦,૧૦૬૩.૦૦,૧૦૬૮.૯૫
ગોદરેજ કન્સ.	૯૨૫.૦૦,૯૨૫.૦૦,૯૦૨.૧૦,૯૦૫.૦૦
ગોદરેજ ઈન્ડ.	૬૧૪.૦૦,૬૧૪.૦૦,૫૭૯.૦૦,૫૮૧.૩૫
જીપીપીએલ	૧૩૬.૧૦,૧૩૯.૨૫,૧૩૬.૧૦,૧૩૬.૭૦
ગ્રેન્યુઅલ્સ (આઈ)	૧૨૮.૦૦,૧૨૯.૩૫,૧૨૫.૦૫,૧૨૬.૦૦
ગ્રાસીમ ઈન્ડ.	૧૧૧૦.૦૦,૧૧૩૦.૫૦,૧૧૦૨.૦૦,૧૧૦૭.૧૦
જી.ઈ. શીપીંગ	૩૯૧.૮૦,૩૯૨.૭૫,૩૮૫.૧૦,૩૮૯.૨૦
ગૃહ ફાઈનાન્સ	૪૮૫.૦૦,૫૦૪.૦૦,૪૮૨.૦૦,૪૯૬.૪૦
ગુજ. પેટ્રોનેટ	૧૯૩.૫૦,૧૯૬.૪૫,૧૯૩.૩૦,૧૯૩.૩૫
ગુજ. મીનરલ	૧૩૮.૬૦,૧૩૯.૫૦,૧૩૫.૦૫,૧૩૬.૦૦
ગુજ. નર્મદા	૨૭૪.૦૫,૨૭૫.૭૫,૨૬૯.૨૦,૨૭૦.૩૦
ગુજ. સ્ટેટ ફર્ટી.	૧૩૮.૫૦,૧૩૮.૫૦,૧૩૩.૨૫,૧૩૩.૯૫
હવેલ્સ ઈન્ડ.	૪૮૨.૧૫,૪૮૩.૨૫,૪૭૧.૯૦,૪૭૪.૧૫
એચસીએલ ઈન્ફો.	૪૩.૭૦,૪૪.૦૦,૪૨.૭૫,૪૩.૦૫
એચસીએલ ટેક્નો	૮૭૬.૫૦,૮૮૪.૪૦,૮૭૧.૦૫,૮૭૨.૮૫
એચડીએફસી	૧૭૩૬.૦૦,૧૭૪૫.૨૫,૧૭૩૦.૦૦,૧૭૩૮.૯૦
એચડીએફસી બેંક	૧૭૫૫.૦૦,૧૭૫૮.૦૫,૧૭૪૧.૬૦,૧૭૪૩.૯૦
હિરો હોન્ડા	૪૦૦૧.૨૦,૪૦૩૬.૦૫,૩૯૫૦.૦૫,૩૯૫૦.૦૫
હેક્ઝાવેર ટેક.	૨૭૩.૦૦,૨૭૫.૨૫,૨૬૪.૦૦,૨૬૫.૪૦
હિન્દ. લીવર	૧૧૯૭.૦૦,૧૨૦૬.૭૫,૧૧૮૦.૯૦,૧૧૯૪.૦૦
હિન્દ. કોસ્ટ.	૩૫.૦૦,૩૫.૨૫,૩૩.૨૫,૩૩.૫૦
હિન્દ. કોપર	૬૩.૦૦,૬૩.૩૦,૬૧.૪૦,૬૧.૬૦
હિન્દ. પેટ્રો.	૪૪૫.૫૦,૪૫૨.૨૫,૪૩૦.૫૦,૪૩૪.૧૫
હિન્ડાલ્કો	૨૩૨.૧૦,૨૩૬.૬૫,૨૨૪.૩૦,૨૨૫.૦૦
હિન્દુ. ઝીન્ક	૨૯૭.૦૦,૨૯૯.૩૦,૨૮૯.૩૦,૨૯૦.૭૫
એચડીઆઈએલ	૫૯.૭૦,૬૧.૨૦,૫૭.૭૫,૫૮.૨૦
આઈસીઆઈસીઆઈ બેંક	૨૯૫.૯૦,૨૯૯.૭૦,૨૯૨.૦૦,૨૯૩.૦૦
આઈડીબીઆઈ	૫૫.૦૦,૫૫.૫૫,૫૩.૯૫,૫૪.૧૦
આઈડીયા સેલ્યુલર	૯૦.૦૦,૯૧.૨૫,૮૮.૫૦,૮૯.૦૦
આઈ.ડી.એફ.સી.	૫૫.૭૦,૫૬.૧૦,૫૪.૧૫,૫૪.૪૫
આઈએફસીઆઈ	૨૩.૩૦,૨૩.૩૦,૨૨.૮૦,૨૨.૯૫
આઈ.એલ.એફ.એસ. ટ્રા.	૮૧.૨૫,૮૧.૨૫,૭૭.૭૫,૭૮.૧૦
ઈન્ડીયા સિમે.	૧૮૪.૫૦,૧૮૫.૭૦,૧૭૬.૧૦,૧૭૮.૨૦
ઈન્ડીયન બેંક	૩૦૪.૩૫,૩૦૭.૧૫,૨૯૩.૦૦,૨૯૬.૮૫
ઈન્ડી. હોટેલ	૧૨૪.૫૦,૧૨૫.૬૦,૧૧૯.૧૦,૧૨૦.૧૦
ઈન્ડીયન ઓઈલ	૪૩૩.૦૦,૪૩૮.૦૦,૪૧૦.૪૦,૪૧૨.૯૦
ઈન્ડીયન ઓવર	૨૨.૭૦,૨૨.૮૦,૨૧.૫૦,૨૨.૫૫
ઈન્ડો કાઉન્ટ	૧૧૬.૦૦,૧૧૬.૦૦,૧૦૫.૯૦,૧૦૮.૭૫
ઈન્દ્રપ્રસ્થ ગેસ.	૧૨૬૮.૫૦,૧૨૮૬.૩૫,૧૨૫૫.૧૦,૧૨૫૭.૪૦
ઈન્ડસ ઈન્ડ બેંક	૧૬૨૫.૦૦,૧૬૩૭.૯૦,૧૬૧૧.૬૫,૧૬૧૫.૧૦
ઈન્ફ્રા એજ	૯૪૬.૯૦,૯૫૦.૦૫,૯૨૪.૦૦,૯૩૨.૮૦
ઈન્ફોસીસ ટેક.	૯૨૯.૦૦,૯૨૯.૦૦,૮૭૦.૦૦,૮૭૩.૫૦
આઈપીસીએ લેબ. લિ.	૪૧૪.૦૦,૪૧૬.૩૦,૪૦૬.૦૦,૪૦૯.૭૫
આઈઆરબી ઈ.	૨૧૪.૫૫,૨૧૪.૮૦,૨૦૫.૩૫,૨૦૬.૫૫
આઈટીસી લિ.	૨૮૩.૫૦,૨૮૪.૯૫,૨૮૦.૯૦,૨૮૨.૧૫
જે એન્ડ કે બેંક	૮૧.૧૫,૮૨.૬૫,૭૯.૫૦,૮૦.૮૦
જૈન ઈરી.	૯૮.૫૦,૧૦૦.૦૦,૯૫.૨૫,૯૬.૦૦
જે.પી.એસો.	૨૨.૯૦,૨૩.૩૦,૨૧.૬૦,૨૧.૯૦
જેટ એરવેયઝ	૫૭૮.૮૦,૫૭૮.૮૦,૫૫૪.૧૦,૫૫૯.૨૦
જીંદાલ સ્ટીલ	૧૩૮.૧૦,૧૩૯.૫૦,૧૩૦.૬૦,૧૩૧.૭૦
જેકે કોર્પો.	૪૨૦.૦૦,૪૨૦.૦૦,૪૧૧.૦૦,૪૧૩.૩૦
જે.કે. ઈન્ડસ્ટ્રી	૧૫૧.૪૦,૧૫૨.૯૦,૧૪૨.૬૦,૧૪૩.૮૦
જેએમ શ એન્ડ સ્ટોક	૧૨૬.૦૫,૧૨૯.૩૦,૧૨૦.૬૦,૧૨૧.૬૫
જેએસડબલ્યુ એન.	૬૪.૦૦,૬૪.૬૦,૬૨.૪૫,૬૨.૮૦
જીન્દાલ વિજય	૨૩૮.૭૦,૨૪૨.૬૫,૨૩૧.૬૫,૨૩૩.૬૫
જ્યુબીલન્ટ ઓર્ગ.	૭૦૨.૦૦,૭૨૧.૫૦,૬૯૩.૬૦,૬૯૯.૦૫
કાજરીયા સી.	૬૪૮.૦૦,૬૫૩.૪૦,૬૩૫.૦૦,૬૩૯.૮૦
ગુડલેસ એન	૪૫૭.૮૫,૪૬૪.૯૦,૪૫૩.૪૦,૪૫૫.૯૫
કાવેરી સીડ	૫૬૪.૩૫,૫૭૦.૧૫,૫૨૭.૦૦,૫૪૨.૧૫
કેઈસી ઈન્ટ.	૨૯૫.૪૦,૩૦૨.૦૦,૨૯૫.૦૦,૨૯૭.૦૫
કોટક મહિન્દ્રા	૯૮૫.૦૦,૯૯૦.૩૫,૯૬૭.૦૦,૯૬૯.૩૦
કેપીટ ઈન્ફોસીસ	૧૧૩.૬૦,૧૧૪.૫૦,૧૧૦.૫૦,૧૧૧.૧૫
લક્ષ્મી મેક.	૬૨૩૫.૦૦,૬૨૩૫.૦૦,૬૦૪૫.૦૦,૬૦૬૬.૧૫
લાર્સન એન્ડ ટુબ્રો	૧૧૩૧.૦૫,૧૧૩૮.૪૫,૧૧૨૩.૩૫,૧૧૨૬.૫૦
એલઆઈસી હાઉ. ફાઈ.	૬૫૯.૦૦,૬૬૨.૮૫,૬૪૭.૪૦,૬૪૮.૬૫
લ્યુપીન લિ.	૯૪૧.૦૦,૯૪૩.૦૫,૯૨૦.૦૦,૯૨૨.૮૦
એમ. એન્ડ એમ ફાઈ.	૪૨૦.૦૦,૪૨૦.૦૦,૪૦૨.૭૦,૪૦૩.૭૦
મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા	૧૩૮૨.૦૦,૧૩૯૨.૯૫,૧૩૭૧.૬૦,૧૩૭૪.૮૫
માનાપુરમ	૮૫.૦૫,૮૬.૭૫,૮૩.૭૦,૮૪.૫૫
મેરીકો ઈન્ડ.	૩૨૪.૫૦,૩૨૪.૫૦,૩૧૪.૫૦,૩૧૬.૭૦
ટાસ્ક ફાર્મા.	૩૮.૫૦,૩૮.૫૦,૩૭.૪૦,૩૭.૫૦
મારૂતિ ઉદ્યોગ	૭૬૨૦.૦૫,૭૬૫૯.૪૦,૭૪૯૮.૦૦,૭૫૧૩.૮૫
મેક્સ ઈન્ડીયા	૫૯૮.૩૫,૬૦૨.૦૦,૫૮૯.૨૦,૫૯૬.૯૫
માઈન્ડટ્રી	૪૭૫.૦૦,૪૭૫.૦૦,૪૫૦.૦૫,૪૬૧.૫૫
મોનસાન્ટો (આઈ)	૨૪૫૬.૦૦,૨૪૮૦.૦૦,૨૪૪૧.૨૦,૨૪૪૭.૭૫
મધરસન એસએસ	૩૨૫.૪૫,૩૨૬.૮૫,૩૧૯.૦૦,૩૨૦.૨૦
એમ્ફાસીસ બીએફએલ	૫૮૯.૯૫,૫૯૭.૦૫,૫૮૬.૦૦,૫૯૦.૪૫
એમઆરએફ લિ.	૬૩૮૦૦.૦૦,૬૪૭૦૦.૦૦,૬૩૦૭૦.૦૦,૬૩૪૨૨.૭૫
એમઆરપીએલ	૧૨૪.૮૦,૧૨૮.૫૫,૧૨૩.૦૦,૧૨૩.૬૫
નેટ એલ્યુ.	૭૦.૫૦,૭૧.૫૦,૬૮.૭૦,૬૯.૩૫
નેટકો ફાર્મા	૭૫૨.૫૦,૭૬૪.૦૦,૭૨૦.૦૦,૭૨૩.૭૦
નાગર કન્સ્ટ.	૮૭.૯૦,૮૮.૦૦,૮૪.૯૦,૮૫.૨૦
નેસ્ટલે (આઈ)	૬૬૬૦.૦૦,૬૬૬૦.૦૦,૬૫૯૫.૯૦,૬૬૧૭.૬૫
નિલકમલ પ્લા.	૧૬૪૮.૧૫,૧૬૬૧.૦૦,૧૫૫૫.૦૦,૧૫૬૪.૫૫
નૂવલી લીજન	૯૬.૦૦,૯૮.૯૫,૯૪.૨૫,૯૪.૭૫
નેટ. મીનરલ	૧૨૧.૫૫,૧૨૫.૯૦,૧૨૦.૮૦,૧૨૧.૩૦
એનટીપીસી	૧૭૪.૧૦,૧૭૫.૦૫,૧૭૧.૨૫,૧૭૧.૮૫
ઓએનજીસી કોર્પો.	૧૬૧.૯૫,૧૬૪.૬૦,૧૫૬.૯૦,૧૫૭.૫૫
આઈ-ફ્લેક્સ સોલ્યુટ	૩૪૮૦.૦૦,૩૪૮૦.૦૦,૩૪૦૫.૦૦,૩૪૨૩.૪૦
ઓરીએન્ટલ બેંક	૧૨૩.૦૦,૧૨૫.૩૦,૧૧૯.૬૦,૧૧૯.૯૦
નિકોલસ પીર	૨૬૯૮.૭૦,૨૭૧૨.૦૫,૨૬૦૦.૦૦,૨૬૧૧.૮૦
પરસીસ્ટન્ટ	૬૨૩.૦૫,૬૨૮.૪૦,૬૨૩.૦૫,૬૨૫.૩૫
પેટ્રોનેટ એલએનજી	૨૩૦.૦૦,૨૩૨.૦૦,૨૨૭.૪૫,૨૨૮.૧૦
ફિઝર લિ.	૧૭૮૧.૦૦,૧૮૪૦.૦૦,૧૭૬૮.૨૦,૧૭૭૮.૧૫
પીઆઈ ઈન્ડસ લિ.	૭૫૫.૦૦,૭૭૬.૮૦,૭૩૮.૭૦,૭૪૮.૬૦
પીડીલાઈટ	૮૨૧.૧૦,૮૨૭.૭૫,૮૦૪.૦૫,૮૧૩.૧૦
પોલારીસ સોફ્ટ.	૨૪૧.૦૦,૨૪૨.૩૫,૨૩૬.૦૫,૨૪૦.૩૫
પાવર ફાઈ.	૧૨૩.૭૦,૧૨૪.૯૦,૧૧૮.૧૫,૧૧૮.૭૦
પાવરગ્રીડ	૨૨૨.૯૫,૨૨૪.૫૦,૨૧૯.૧૦,૨૨૦.૦૦
પ્રોક્ટર એન્ડ ગેમ્બલ	૮૨૨૦.૦૦,૮૨૨૦.૦૦,૮૦૫૫.૬૦,૮૧૫૦.૬૫
પાવર ટ્રેડીંગ	૧૧૪.૬૦,૧૧૪.૬૦,૧૧૦.૮૦,૧૧૧.૨૦
પંજાબ નેશનલ	૧૪૨.૯૦,૧૪૩.૭૫,૧૩૭.૦૦,૧૩૭.૬૦
રાજેશ એક્ષ્પો.	૭૨૪.૪૫,૭૨૫.૦૦,૭૧૨.૮૦,૭૧૬.૭૦
રેલીસ ઈન્ડીયા	૨૨૯.૦૦,૨૩૦.૦૦,૨૨૬.૫૦,૨૨૭.૪૫
મદ્રાસ કેમી.	૬૬૩.૧૦,૬૬૩.૧૦,૬૫૨.૦૦,૬૫૩.૦૫
રેમન્ડ	૭૭૪.૯૫,૭૮૧.૬૫,૭૪૨.૮૫,૭૪૫.૧૦
આરઈસી લી.	૧૫૫.૭૦,૧૫૮.૯૫,૧૫૦.૪૦,૧૫૧.૩૦
રેડીંગ્ટન	૧૪૮.૫૦,૧૪૯.૮૫,૧૪૮.૫૦,૧૪૯.૦૫
રીલા.કોમ.વે.	૨૪.૦૦,૨૪.૪૦,૨૩.૧૫,૨૩.૩૫
બીએસઈએસ લિ.	૪૮૮.૦૦,૪૯૪.૫૦,૪૬૫.૦૦,૪૬૮.૭૦
રીલાયન્સ કેપી.	૭૯૦.૬૦,૮૦૪.૭૫,૭૭૦.૨૦,૭૭૫.૧૫
રિલાયન્સ	૧૫૭૭.૦૫,૧૫૮૫.૧૦,૧૫૬૩.૦૦,૧૫૬૫.૮૦
રેલીગેર	૬૭.૪૦,૬૮.૪૦,૬૩.૨૦,૬૩.૫૫
રેણુકા સુગર	૧૬.૯૦,૧૭.૪૦,૧૬.૫૫,૧૬.૬૫
રીલા.પાવર	૪૦.૩૫,૪૦.૫૫,૩૯.૧૫,૩૯.૩૦
સદભાવ એન્જી.	૨૬૯.૦૦,૨૭૧.૫૦,૨૬૬.૪૦,૨૬૬.૮૫
એવેન્ટીસ ફા.	૪૦૪૨.૭૫,૪૦૬૦.૦૦,૩૯૭૫.૦૫,૩૯૯૧.૯૦
શીપ.કોર્પોરેશન	૬૨.૦૦,૬૩.૫૦,૬૦.૭૦,૬૦.૮૦
શ્રી સિમેન્ટ	૧૭૩૭૨.૩૫,૧૭૪૬૦.૦૦,૧૭૦૯૫.૦૦,૧૭૧૩૦.૮૦
શ્રીરામ ટ્રાન્સ.	૯૭૨.૧૦,૯૮૭.૬૦,૯૫૨.૦૦,૯૫૯.૨૫
શ્રીરામ સિટી યુનિયન	૨૧૪૮.૪૫,૨૨૦૦.૦૦,૨૧૪૪.૫૦,૨૧૯૦.૫૦
સિમેન્સ લિ.	૧૩૨૫.૦૦,૧૩૨૫.૦૦,૧૨૭૮.૪૦,૧૨૮૧.૮૦
સિન્ટેક્સ ઈન્ડ.	૩૩.૪૫,૩૩.૭૫,૩૧.૨૫,૩૧.૫૦
એસજેવીએન	૩૧.૦૦,૩૧.૦૫,૩૦.૦૫,૩૦.૪૫
એસકેએફ બેરીંગ	૧૫૫૬.૯૦,૧૫૭૦.૦૦,૧૫૨૩.૦૦,૧૫૫૪.૧૦
શોભા ડેવ.	૩૯૩.૦૦,૩૯૬.૩૫,૩૮૦.૦૦,૩૯૧.૯૫
સાઉથ ઈન્ડ. બેંક	૨૭.૯૫,૨૮.૧૫,૨૬.૮૫,૨૭.૦૦
એસઆરઆઈ ઈન્ટ. ફાઈ.	૧૨૦.૨૫,૧૨૨.૭૦,૧૧૬.૦૦,૧૧૯.૦૦
એસઆરએફ લિ.	૧૪૯૯.૧૦,૧૪૯૯.૧૦,૧૪૭૦.૨૦,૧૪૮૧.૬૫
સ્ટેટ બેંક	૨૭૯.૦૦,૨૮૦.૭૦,૨૭૩.૪૦,૨૭૪.૬૫
સ્ટીલ ઓથો.	૬૦.૨૫,૬૧.૭૫,૫૯.૧૦,૫૯.૪૫
સ્ટરલાઈટ ઓપ્ટ.	૨૨૪.૦૦,૨૨૬.૦૫,૨૧૨.૭૦,૨૧૪.૮૫
સન ફાર્મા	૪૭૪.૩૫,૪૭૪.૯૦,૪૫૯.૩૦,૪૬૦.૫૫
સન ટીવી	૭૪૫.૬૦,૭૪૬.૯૦,૭૧૨.૦૦,૭૧૮.૪૫
સુન્દરમ ફા.	૩૮૯.૨૫,૩૯૦.૩૫,૩૮૬.૫૫,૩૮૮.૩૦
સનફાર્મા એ.	૩૯૯.૦૦,૪૧૪.૬૫,૩૯૯.૦૦,૪૦૬.૭૦
સુપ્રિમ ઈન્ડ.	૧૦૮૮.૦૦,૧૦૯૭.૩૦,૧૦૫૪.૫૦,૧૦૯૨.૨૫
સુઝલોન	૧૭.૦૦,૧૭.૧૫,૧૬.૦૦,૧૬.૧૫
સિમ્ફની કોમ	૧૨૨૦.૦૦,૧૨૪૦.૦૦,૧૨૧૬.૫૦,૧૨૨૩.૬૫
સિન્ડીકેટ બેંક	૬૪.૩૦,૬૪.૮૫,૬૨.૬૦,૬૩.૧૫
ટાટા કેમી	૫૯૨.૦૦,૫૯૭.૫૦,૫૮૪.૪૫,૫૮૫.૧૦
ટાટા કોમ્યુ.	૬૪૫.૦૦,૬૫૧.૧૫,૬૨૭.૦૦,૬૩૧.૪૫
ટાટા ઈલેક્સી	૧૬૮૩.૮૦,૧૬૮૪.૦૦,૧૬૩૨.૨૦,૧૬૪૨.૬૫
ટાટા મોટર્સ	૩૮૨.૦૦,૩૮૨.૮૫,૩૭૨.૧૦,૩૭૪.૫૫
ટાટા પાવર	૮૦.૦૦,૮૦.૯૦,૮૦.૦૦,૮૦.૧૦
ટાટા સ્પોન્જ	૮૨૧.૧૦,૮૪૨.૦૦,૮૧૫.૩૫,૮૧૮.૨૦
ટાટા સ્ટીલ	૬૩૦.૦૫,૬૩૮.૫૫,૬૨૦.૧૫,૬૨૧.૯૫
ટાટા ટી	૧૯૬.૦૦,૨૦૩.૦૦,૧૯૪.૩૦,૧૯૫.૭૫
ટાટા એમટી	૨૨૭.૦૦,૨૨૮.૫૦,૨૨૨.૩૦,૨૨૨.૮૫
ટીસીએસ લી.	૨૫૧૨.૮૫,૨૫૪૨.૦૦,૨૪૯૫.૦૦,૨૫૨૧.૪૦
ટેક મહિન્દ્રા	૪૨૯.૮૦,૪૩૬.૭૫,૪૨૯.૦૦,૪૩૧.૦૦
થર્મેક્સ	૮૯૯.૦૦,૯૦૦.૦૦,૮૮૨.૨૫,૮૮૮.૦૫
ટાઈટન ઈન્ડ.	૬૨૫.૦૦,૬૨૯.૫૦,૬૧૨.૬૦,૬૧૪.૬૫
ટોરન્ટ પાવર	૨૧૭.૦૦,૨૧૯.૦૦,૨૧૦.૫૦,૨૧૧.૬૫
ટોરન્ટ ફાર્મા	૧૨૮૧.૪૦,૧૨૮૧.૪૦,૧૨૦૮.૦૦,૧૨૪૯.૫૫
ટ્રેન્ટ લિ.	૨૬૭.૧૦,૨૭૨.૫૫,૨૬૭.૧૦,૨૬૯.૧૫
ટીટીકે પ્રેસ્ટીજ	૬૨૨૯.૯૫,૬૩૭૧.૩૫,૬૧૩૮.૬૫,૬૩૧૬.૦૦
ટ્યુબ ઈન્વ.	૬૩૦.૦૦,૬૩૦.૦૦,૬૦૧.૯૦,૬૦૮.૬૫
ટીવીએસ સુઝુકી	૫૮૭.૦૦,૫૮૮.૩૦,૫૭૧.૩૦,૫૭૫.૧૫